ભૂતાનમાં હિમશિખર તળાવ ફાટ્યું: વ્યાપક નુકસાન

વાકિલા પર્વતીય વિસ્તારમાં આવેલ શિંતાફુ ગ્લેશિયર તળાવમાંથી અચાનક પાણી બહાર ધસવા માંડ્યું

એક પ્રખ્યાત ગરમ પાણીનો કુંડ નષ્ટ, એક હાઇવેનો ભાગ ધોવાઇ ગયો, વાહન વ્યવહાર બંધ

પથ્થરો, કાટમાળ સાથે ધસમસતા પાણીના પ્રવાહને કારણે ભારે નુકસાન, એક સિંચાઇ પ્રોજેક્ટ ખંડિત

અત્યાર સુધી કોઇ જાનહાનિ, ઇજા કે લાપતા થવાના અહેવાલ નહીં

થિમ્પુ, તા. ૩૦: પાડોશી દેશ ભૂતાનમાં ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ(GLOF)ની ઘટના બની છે અને આને કારણે ત્યાં વ્યાપક નુકસાન થયું હોવાના અહેવાલ મળ્યા છે. જો કે કોઇના મૃત્યુ કે લાપતા થવાના અહેવાલ હજી સુધી મળ્યા નથી.

ગુરુવારે મોડી રાત્રે શિંતાફૂ ગ્લેશિયર તળાવ ફાટવાથી ભારે તારાજી સર્જાઈ છે. પાણીના તેજ પ્રવાહમાં અહીંનો પ્રખ્યાત ગરમ પાણીનો કુંડ 'ગાસા ત્સાચુ' સંપૂર્ણપણે ધોવાઈ ગયો છે. પુનાખા-ગાસા હાઈવેનો એક ભાગ પણ તૂટી ગયો છે, જેના કારણે ત્યાં વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પડી છે. જો કે, અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. ભૂતાનના ગાસા જિલ્લાના લુંગો, લાયા ગ્યોગમાં શિંતાફૂ ત્શો તળાવમાંથી ૨૯ ઓક્ટોબરની સાંજે પાણી બહાર વહેવા લાગ્યું હતું. આ તળાવ વાકિલા પર્વતની નીચે આવેલું છે અને ભૂટાનના ૧૭ સંભવિત જોખમી ગ્લેશિયર તળાવોમાં સામેલ છે.તળાવમાંથી નીકળેલું પાણી મો છૂ નદીના જળગ્રહણ ક્ષેત્રથી આગળ વધ્યું હતું. પૂરનું પાણી તાકત્સેમાખાંગ વિસ્તારમાં રાત્રે આશરે ૮:૧૫ વાગ્યે પહોંચ્યાના અહેવાલ છે. પાણીના તેજ પ્રવાહના કારણે સોલાર પાવરથી ચાલતી સિંચાઈ યોજનાને નુકસાન થયું છે અને કાટમાળને કારણે હાઈવેનો એક ભાગ બ્લોક થઈ ગયો છે. આ ઘટનામાં અત્યાર સુધી દેશમાં કોઈ જાનહાની થયાના અહેવાલ નથી.

પૂનાખાના ગુમા ગેલાંગ હેઠળના ડોચ્છુખા-ડ્ઝોમલિંગથાંગ-રિત્સા ચિવોગમાં સોલાર ઈરિગેશન લિફ્ટિંગ સિસ્ટમને આ અચાનક આવેલા પૂરને કારણે આંશિક નુકસાન થયું છે. આ સિસ્ટમ બંધ પડી ગઈ છે, જો કે નુકસાનનું ચોક્કસ પ્રમાણ હજુ આંકવામાં આવ્યું નથી. એક સ્થાનિક નેતાના જણાવ્યા અનુસાર, ચિવોગના રહેવાસીઓની પાણીની સમસ્યા હલ કરવા માટે આ વર્ષની શરૂઆતમાં જ સિંચાઈ પ્રણાલી સ્થાપિત કરવામાં આવી હતી. ગુરુવારે સાંજે ભૂતાનના ગાસા જિલ્લામાં વાકિલા પર્વતની નીચે આવેલી શિન્ટાફુ ઝીલ ખાતે આ જળ પ્રલયની જાણ થઈ હતી. આ સરોવર મો ચ્હુ નદી બેસિનના ઉપરવાસમાં આવેલું છે.

બંગાળ, આસામમાં સાવધાની

કોલકાતા/ગુવાહાટી, ૩૦(PTI): ભૂતાનમાં ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ(GLOF) પછી સંકોષ નદીના પાણીના સ્તરમાં વધારો થતાં પશ્ચિમ બંગાળે અલીપુરદ્વાર જિલ્લામાં સંકોષ નદી કિનારે રહેતા ૧૨,૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડ્યા છે, જ્યારે આસામ ધુબરી અને કોકરાઝાર જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભૂતાનના ગાસા પ્રદેશમાં ગુરુવારે સાંજે એક ગ્લેશિયલ તળાવ ફાટ્યા પછી, ડાઉનસ્ટ્રીમ નદી પ્રણાલીમાં કાદવ, પથ્થરો અને કાટમાળ સાથે પાણીનો મોટો પ્રવાહ વહી આવતા, આસામ અને પશ્ચિમ બંગાળ વચ્ચે આંતર-રાજ્ય સીમા બનાવતી સંકોષ નદીનું પાણીનું સ્તર આજ સવારથી લગભગ બે ફૂટ વધી ગયું છે. ભૂતાનમાં તૂટેલા શિંતાપુ તળાવમાંથી લગભગ ૭.૪ મિલિયન ઘન મીટર પાણી મો નદીમાં વહી ગયું, જેના કારણે સંકોષ નદીના પાણીના સ્તરમાં વધારો થયો. અલીપુરદ્વારના એક જિલ્લા અધિકારીએ પીટીઆઈને જણાવ્યું, સાવચેતીના પગલારૂપે ૧૨,૦૦૦ લોકોને સુરક્ષિત વિસ્તારોમાં ખસેડ્યા છે. હાલમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે. આ ઘટનાએ ઉત્તર બંગાળ અને આસામના કેટલાક ભાગોમાં પૂરની ચેતવણી જારી કરી છે, જેમાં સત્તાવાળાઓ હિમાલયના રાજ્યમાંથી વહેતી નદીઓના પાણીના સ્તર પર નજીકથી નજર રાખી રહ્યા છે. જો કે, ઓક્ટોબર ૨૦૨૩માં ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડમાં મોટાપાયે વિનાશ અને ઘણા લોકોના જીવ ગુમાવનાર સિક્કમ આ આપત્તિથી અસરમુક્ત રહ્યું હતું.

ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ (GLOF) શું છે?

GLOF ત્યારે સર્જાય છે જ્યારે પીગળતા ગ્લેશિયરો દ્વારા બનાવેલા સરોવરમાં સંગ્રહિત પાણી અચાનક મુક્ત થાય છે. પાણીને રોકતો કુદરતી ડેમ કે અવરોધ તૂટી જાય અથવા તેમાં ભંગાણ સર્જાય ત્યારે આવું બની શકે છે. પરિણામે સર્જાતો પાણીનો પ્રવાહ પર્વતીય ખીણોમાંથી ખૂબ જ ઝડપથી પસાર થઈ શકે છે. તે મોટી માત્રામાં કાટમાળ સાથે વહી શકે છે અને વસાહતો, રસ્તાઓ, પુલો અને ખેતીની જમીનને નુકસાન પહોંચાડી શકે છે. શિન્ટાફુ સરોવર ભૂતાનના પુનાત્સંગ્છુ નદી બેસિનમાં આવેલું છે. ભારતમાં પ્રવેશ્યા પછી આ નદી સંતોષ નદી તરીકે ઓળખાય છે.

મેક્સિકો સિટીમાં 'ડે ઓફ ધ ડેડ' (મૃતકોની યાદનો ઉત્સવ)ના અવસર દરમિયાન મેક્સિકો સિટીના પ્રખ્યાત ઝોકાલો સ્કૂવેર ખાતે સ્થાપિત કરવામાં આવેલી 33.411 મીટર (લગભગ 32 મીટર) ઊંચી રાક્ષસી કટરીનાની શિલ્પકૃતિ આકર્ષણનું કેન્દ્ર બની હતી. 100 ટનથી વધુ વજન ધરાવતી આ કલાત્મક રચનાને સ્ટીલનું માળખું, ફાઇબરગ્લાસ, 27 મીટર લાંબો સુંદર ડ્રેસ અને 1,00,000 ગલગોટાના ફૂલોથી સજાવવામાં આવી છે. વિશ્વની સૌથી ઊંચી કટરીના તરીકે આ વિશાળ શિલ્પે ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સમાં પોતાનું નામ નોંધાવ્યું છે.

સંબંધ તૂટવાથી ભૂતકાળના શારીરિક સંબંધો બળાત્કાર નથી બની જતા: સુપ્રીમ કોર્ટ

સંમતિથી શરીર સંબંધ બાંધવા દીધા હોય અને બાદમાં ખટરાગ ઉભો થતા બળાત્કારનો આરોપ મૂકવામાં આવે તેવા વધતા વલણ અંગે સર્વોચ્ચ અદાલતે ચિંતા વ્યક્તી કરી

બે પુખ્ત વયના લોકો વચ્ચેના ભાવનાત્મક મતભેદ પછી ફોજદારી કાયદાનો ઉપયોગ થાય છે તે અટકવું જોઇએ

નવી દિલ્હી, તા. ૩૦(પીટીઆઈ): સંબંધોના અસફળ થવા પર ફોજદારી કેસો નોંધાવવાના વધતા જતા વલણ પર ચિંતા વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે, સંબંધો બગડી ગયા કે તૂટી ગયા માત્ર એટલા જ કારણસર સારા સમય દરમિયાન થયેલી શારીરિક નિકટતાને પછીથી બળાત્કાર તરીકે ગણી શકાય નહીં.

એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં, ન્યાયાધીશો બી.વી. નાગરત્ના અને આર. મહાદેવનની બેન્ચે કેરળના એક વ્યક્તિને બળાત્કાર, પ્રથમ લગ્ન હયાત હોવા છતાં બીજા લગ્ન અને છેતરપિંડીના આરોપોમાંથી મુક્ત કર્યો છે. કોર્ટે જણાવ્યું કે સમાજ અને અદાલતોએ બે પુખ્ત વયના લોકો વચ્ચેના ભાવનાત્મક મતભેદ પછી ફોજદારી કાયદાના દુરુપયોગને અટકાવવો જોઈએ.

તેમાં ઉમેરવામાં આવ્યું કે, "આવા કેસોમાં, સારી રીતે ચાલી રહેલા સંબંધો દરમિયાન થયેલી શારીરિક નિકટતાને માત્ર એટલા માટે પૂર્વવર્તી રીતે બળાત્કારના કૃત્યો તરીકે ગણી શકાય નહીં કારણ કે સંબંધો બગડી ગયા છે અને હવે અસ્તિત્વમાં નથી." બેન્ચે જણાવ્યું કે કોર્ટ તાજેતરના વર્ષોમાં એક ચિંતાજનક વલણ નોંધવા માંગે છે, જેમાં પૂરા થયેલા સંમતિપૂર્ણ સંબંધોની ઝીણવટભરી તપાસ કરીને એવું શોધવામાં આવે છે કે પાછળથી કઈ બાબતને હિંસા અને જાતીય સતામણી ગણી શકાય. બેન્ચે જણાવ્યું કે આ કોર્ટે વારંવાર તે "ચિંતાજનક વલણ" જોયું છે જેમાં અસફળ સંબંધોને ફોજદારી કેસોમાં ફેરવવામાં આવી રહ્યા છે.

બેન્ચે જણાવ્યું કે બળાત્કારના ખોટા આક્ષેપથી આરોપીને ભરપાઈ ન થઈ શકે તેવું કલંક, પરેશાની અને અન્યાય પણ સહન કરવો પડે છે.

એનવીડિયાના વડાની નિકટની મહિલા ચીની જાસૂસ હોવાનો અમેરિકી ગુપ્તચરોનો નિષ્કર્ષ

એલિસ હુઆંગ નામની આ મહિલાએ જેન્સન હુઆંગ સાથે ગાઢ સંબંધો વિકસાવ્યા હતા

માહિતીઓ મેળવીને બૈજિંગને પહોંચાડી હતી: જો કે ચીને આ આક્ષેપો પાયાવિહોણા ગણાવી ફગાવી દીધા

ન્યુયોર્ક, તા. ૩૦(પીટીઆઈ): યુએસ ગુપ્તચર એજન્સીઓ એવા નિષ્કર્ષ પર આવી છે કે Nvidiaના સીઈઓ જેન્સન હુઆંગ સાથે ગાઢ સંબંધ વિકસાવનાર એક ચાઈનીઝ મહિલા બિઝનેસવુમન ચીની ગુપ્તચર એજન્ટ હતી અને તેણે બેઈજિંગને માહિતી પહોંચાડી હતી, એમ 'ન્યૂયોર્ક ટાઈમ્સ'ના એક અહેવાલમાં જણાવાયું છે. ચીને આ આરોપોને "બદનામ કરવાનું કૃત્ય" ગણાવીને ફગાવી દીધા છે.

અહેવાલમાં એલિસ હુઆંગ(જે હુઆંગ લે તરીકે પણ ઓળખાય છે) તરીકે ઓળખવામાં આવેલી આ મહિલા ચીની નાગરિક છે અને સિંગાપોર સ્થિત ડેટા સેન્ટર કંપની 'મેગાસ્પીડ'માં વરિષ્ઠ એક્ઝિક્યુટિવ છે. અહેવાલમાં જણાવ્યા અનુસાર, આ તારણોએ ચિંતાઓ ઊભી કરી છે કે શું તે યુએસ-ચીન સંબંધોના કેન્દ્રસ્થાનના મુદ્દા પર યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વિચારો વિશેની આંતરદૃષ્ટિ અથવા એનવીડિયા વિશેની માહિતી મેળવી શકી હોત. શુક્રવારે, સરકાર સંચાલિત 'ગ્લોબલ ટાઈમ્સ' દ્વારા ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુનના હવાલાથી કહેવામાં આવ્યું: સંબંધિત અહેવાલ પાયાવિહોણો હતો અને તે ચીન સામેની બદનામી સિવાય બીજું કંઈ નહોતું.

'ન્યૂયોર્ક ટાઈમ્સ'ના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે એલિસ હુઆંગ અદ્યતન એઆઈ (AI) ચિપ્સની પહોંચ પરના યુએસ પ્રતિબંધોને ટાળવામાં ચીનને મદદ કરવા માટે શંકાના ઘેરામાં છે. અહેવાલમાં જણાવ્યા અનુસાર, અમેરિકાને જાણવા મળ્યું હતું કે એલિસ હુઆંગે એનવીડિયાના વડા જેન્સન હુઆંગ સાથે ગાઢ સંબંધ વિકસાવ્યા હતા. અહેવાલ મુજબ, આ લગભગ એક વર્ષ અગાઉ ગુપ્તચર તારણો વિશે ટ્રમ્પને માહિતી આપવામાં આવી હતી પરંતુ તેમણે તેના પર કોઈ પગલાં ન લેવાનું પસંદ કર્યું હતું. તેમાં ઉમેરવામાં આવ્યું હતું કે ટ્રમ્પ એનવીડિયાના ચિપ વેચાણને ખોરવવા અને ચીન સાથેના વેપારી સંબંધોને જટિલ બનાવવા અંગે સાવચેત રહ્યા હતા. એનવાયટી દ્વારા ટાંકવામાં આવેલા સર્વેક્ષણ વિશે માહિતગાર લોકો અનુસાર, જેન્સન હુઆંગને કથિત ચાઈનીઝ ગુપ્તચર પ્રવૃત્તિ વિશે કોઈ રક્ષણાત્મક બ્રીફિંગ પ્રાપ્ત થયું નથી.

TORRENT POWER

વીજપ્રવાહ બંધ રહેવા બાબત

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપુરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમ્યાન વીજપુરવઠો બંધ રહેશે. અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૦૨-૧૧-૨૦૨૬,સોમવાર : કેશવ પાર્ક (વેડ રોડ), શાંતિ નગર ઈન્ડ. નં. ૩
- ૦૩-૧૧-૨૦૨૬,મંગળવાર: એસ.એમ.સી. વસાહત સિંગણપોર, મનસ્વી (એ.કે. રોડ)
- ૦૪-૧૧-૨૦૨૬,બુધવાર : આમખાસ (બેગમપુરા), નારાયણ ઈન્ડ. નં. ૨ (આંજણા)

અસુવિધા બદલ દિલગીર છીએ

વીજ સ્થાપનમાં ELCB/RCCB લગાડવાથી વીજ અકસ્માત નિવારી શકાય.

WhatsApp 8141970070

હેલ્પ લાઈન નં. 19128 (Toll Free) / 0261-2551912 / 9099991912

પોર્ટલ : connect.torrentpower.com અને મોબાઈલ એપ : Torrent Power Connect

જાહેર જનતા તથા સબસ્ટેશનની સુરક્ષા અને અવિરત વીજપુરવઠો જળવાઈ રહે તે હેતુસર સબસ્ટેશન/મીટર બોક્ષ/એમ.એસ.પી ની આજુબાજુ કચરો તેમજ જ્વલંતશીલ પદાર્થ નાખવો નહીં તેમજ સળગાવવો નહીં.

aether
elementally innovative

Aether Industries Limited
www.aether.co.in

More than 55% of our Electricity comes from Sustainable Source.

INNOVATING WITH NATURE IN MIND

Registered Office - Plot No. 8203, GIDC Sachin, Surat - 394230, Gujarat, India | Board Line: +91-261-6603000
Email: info@aether.co.in | Website: www.aether.co.in
Corporate Identification Number (CIN): L24100GJ2013PLC073434

એથર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના નિર્દેશક મંડળે શુક્રવાર, ઓક્ટોબર ૩૦, ૨૦૨૬ ના રોજ યોજાયેલી નિર્દેશક મંડળની બેઠકમાં ૩૦/૦૯/૨૦૨૬ ના રોજ પૂરા થયેલા દ્વિતિય ત્રિમાસિક અને અર્ધવાર્ષિક અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી છે.
નાણાકીય પરિણામો સ્ટોક એક્સચેન્જ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ પર ઉપલબ્ધ છે અને કંપનીની વેબસાઇટ પર પણ મૂકવામાં આવ્યા છે, જે નીચે મુજબ જોઈ શકાય છે:

બીએસઈ લિમિટેડ:
https://www.bseindia.com/xml-data/corpfiling/AttachLive/6b1af6d1-f3ab-4f73-8046-6144790af326.pdf

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડ:
https://nsearchives.nseindia.com/corporate/AETHER_30102026115444_Q2FY27_OCR_merged.pdf

કંપની વેબસાઈટ:
https://aether.co.in/wp-content/uploads/2026/10/Q2FY27%20OCR_merged.pdf

ઉપરાંત, આપેલા ક્યુ. આર. કોડને સ્કેન કરીને પણ પરિણામો જોઈ શકાય છે.

તારીખ: ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬
સ્થળ : સુરત

એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી
સહી/-
અશ્વિન જયંતીલાલ દેસાઈ
મેનેજિંગ ડિરેક્ટર
(ડી આઈ એન: 00038386)

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,26,540/-
18 KT 1,03,490/- 14 KT 80,720/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

અમૂલ

એકતાની શક્તિ. સહકારથી સમૃદ્ધિ.

અમૂલના ૩૬ લાખ દૂધ ઉત્પાદક ખેડૂતો,
શ્રી નરેન્દ્રભાઈ મોદી
આદરણીય વડા પ્રધાનશ્રીનું
'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે ગર્વપૂર્વક સ્વાગત કરે છે.

આજે ઉજવાઈ રહેલ 'રાષ્ટ્રીય એકતા દિવસ' સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ તેમજ અમૂલનો ૮૦મો સ્થાપના દિવસ છે. આ પ્રસંગ અમૂલ સહકારી ચળવળને પ્રેરણા આપનાર સરદાર પટેલ ની દૂરંદેશી વિચારધારા ને વંદન કરવાનો અવસર છે જે આજે લાખો પશુપાલકો ના જીવન માં અમૂલ્ય પરિવર્તન લાવી રહી છે.

ગુજરાતના ૧૮,૬૦૦ ગામોના ૩ કરોડથી વધુ ખેડૂતો એકતા પરેડ નિહાળવા માટે એકત્રિત થશે.

"ભારતનું ₹૧૦ લાખ કરોડનું ડેરી ક્ષેત્ર આપણા દેશની મહિલાઓ એટલે કે આપણી માતાઓ, બહેનો અને દીકરીઓ દ્વારા સંચાલીત છે. ભારત 'Women - Led Development' ના ધ્યેય સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે આપણાં ડેરી ક્ષેત્રની આ સફળતા એક પ્રબળ ઉદાહરણ પૂરું પાડે છે કે કેવી રીતે મહિલાઓ નેતૃત્વ સંભાળીને રાષ્ટ્રના વિકાસને વેગ આપી રહી છે."

શ્રી નરેન્દ્રભાઈ મોદી
આદરણીય વડા પ્રધાનશ્રી

છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતના ડેરી ક્ષેત્રના વિકાસ અને પ્રગતિ માટે સતત મદદરૂપ થવા બદલ આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો હૃદયપૂર્વક આભાર.

આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતના ડેરી ક્ષેત્રની મહત્વપૂર્ણ સિદ્ધિઓ

કેન્દ્ર સરકાર માં સહકારિતા મંત્રાલયની સ્થાપના જે સહકારી સંસ્થાઓને વધુ સશક્ત બનાવી રહ્યું છે	માઇક્રો-એટીએમ અને બેંક મિત્ર સેવાઓ બૅંકિંગ સેવાઓ ખેડૂતો સુધી પહોંચાડવા માટે
ગોબરધન યોજના પશુઓના છાણ અને જૈવઊર્જા દ્વારા વધારાની આવક ઊભી કરવા માટે	મુક્ત વેપાર કરારો (FTA) માં ડેરી અને કૃષિ સેક્ટર બાકાત રાખીને ભારતીય ખેડૂતો અને દૂધ ઉત્પાદકો ની આજીવિકા બચાવવા માટે

Next-Gen GST સુધારા
ડેરી પ્રોડક્ટ્સને વધુ વ્યાજબી બનાવવા અને માંગ વધારવા માટે

ભારતના ડેરી સેક્ટર માટે આદરણીય વડા પ્રધાનશ્રી વિઝન જોવા માટે સ્કેન કરો

આ ઐતિહાસિક કાર્યક્રમના સાક્ષી બનવા માટે આજે સાંજે ૫:૦૦ કલાકે તમારી ગ્રામ પંચાયત દ્વારા નિર્ધારિત સ્થળોએ એકત્રિત થાઓ.

આજે સાંજે ૫:૦૦ કલાકે એકતા પરેડનું જીવંત પ્રસારણ નિહાળો
https://youtube.com/@narendramodi